NEW JERSEY VOTES

SAFE. SIMPLE. SECURE.

GENERAL ELECTION 2023

# રૂબરૂમાં વહેલા મતદાન વિશે જાણવા માટે મુખ્ય 5 બાબતો

સામાન્ય ચૂંટણી માટે રૂબરૂમાં વહેલા મતદાન વિશેના પાંચ સામાન્ય પ્રશ્નોના જવાબો અહીં આપ્યા છે:

## 1. રૂબરૂમાં વહેલાં મતદાન એટલે શું?

આ વિકલ્પ તમામ રજિસ્ટર્ડ મતદારોને મતદાન મશીનનો ઉપયોગ કરીને **રૂબરૂમાં, ચૂંટણીના દિવસ પહેલાના ત્રણ દિવસનો સમયગાળામાં તેમના મત આપવા માટે સક્ષમ બનાવે છે.** જ્યારે તમારા શેડ્યૂલ માટે સૌથી અનુકૂળ હોય ત્યારે તમે રૂબરૂમાં મત આપવાનું પસંદ કરી શકો છો.

## 2. રૂબરૂમાં વહેલાં મતદાનને હું ક્યાંથી સુલભ કરી શકું છું?

- તમે કાઉ ન્ટીમાં ક્યાંય પણ રહેતા હો, તમે તમારા નિયુક્ત બેલટને **તમારા** કાઉન્ટીના નિર્ધારિત કોઇપણ રૂબરૂમાં વહેલાં મતદાન સ્થળ પરથી મતદાન કરી શકો છો.
- તમારા કાઉન્ટીના સ્થળને **VOTE.NJ.GOV** પરથી શોધો.

## 3. રૂબરૂમાં વહેલાં મતદાનને હું ક્યારે સુલભ કરી શકું છું?

- રૂબરૂમાં વહેલા મતદાન સ્થળો શનિવાર, **ઓક્ટોબર 28 થી રવિવાર, નવેમ્બર 5 સુધી** ચાલુ રહેશે.
- સમય **સોમવાર -શનિવાર, સવારના 10:00 – સાંજના 8:00 અને રવીવાર, સવારના 10:00 – સાંજના 6:00 સુધીનો રહેશે.** કોઈ એપોઈંટમેંટ લેવાની જરૂર નથી. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે.

## 4. જો હું હંમેશા ટપાલ દ્વારા મત આપું, પણ હવે તેના બદલે, રૂબરૂમાં વહેલા મતદાન કરવા માગું તો શું?

- જો તમે 2023ની પ્રાથમિક ચૂંટણીમાં ટપાલ દ્વારા મત આપવા માટે નોંધાયેલ હોવ, તો તમે પ્રારંભિક, રૂબરૂમાં મતદાન દરમિયાન **અથવા** ચૂંટણીના દિવસે ના રોજ**કામચલાઉ મતપત્ર દ્વારા** તમારો મત આપી શકો છો. જે તમને તમારા પ્રારંભિક મતદાન સ્થાન અથવા મતદાન સ્થળ પર પ્રદાન કરવામાં આવશે. **VOTE.NJ.GOV** પર વૈકલ્પિક બેલટ્સ વિશે વધુ જાણો.

## 5. શું હું હજુ પણ અન્ય મતદાન વિકલ્પોમાંથી પસંદ કરી શકું?

હા. તમે તેના બદલે, આને પસંદ કરી શકો છો:

- **ચૂંટણીના દિવસે,** તમારા મતદાન સ્થળે, સવારે 6:00 થી સાંજે 8:00 વાગ્યા સુધી **7 નવેમ્બરના રોજ** રૂબરૂમાં મતદાન. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે. તમારા મતદાન સ્થળ માટે, મતદાન સ્થાનો પૃષ્ઠ પર સૂચિબદ્ધ **VOTE.NJ.GOV** પર જાઓ.
- અથવા, **વોટ-બાય-મેલ બેલેટ** માટે અરજી કરો અને તેને નીચેનામાંથી એક રીતે પરત કરો..
    **1...** *ટપાલ:* તેના ઉપર 7 નવેમ્બર ના રોજ રાતના 8:00 વાગ્યા પહેલા પોસ્ટનો થપ્પો લાગેલ હોવો અને તમારા દેશના ચૂંટણી પંચને 13 નવેમ્બર કે તેના પહેલા પ્રાપ્ત થવું જરૂરી છે.
    **2...** *સુરક્ષિત મત નાખવાની પેટી:* 7 નવેમ્બર ના રોજ રાતના 8:00 વાગ્યા પહેલા તમારા દેશની સલામત મત નાખવાની પેટીઓ પૈકીની એક પેટીમાં તમારા મતને નાખો. ડ્રોપ બોક્સ સ્થાનો VOTE.NJ.GOV પર મળી શકે છે.
    **3...** *ચૂંટણી પંચની ઓફીસ:* તમારા મતને 7 નવેમ્બર ના રોજ રાતના 8:00 વાગ્યા પહેલાં તમારા દેશની ચૂંટણી પંચની ઓફિસમાં તમારો મત રૂબરૂ પહોંચાડો. કાઉન્ટી ચૂંટણી અધિકારીઓની સંપર્ક માહિતી VOTE.NJ.GOV પર મળી શકે છે.

**નોંધ: વોટ-બાય-મેલ બેલેટ તમારા વહેલા મતદાન સ્થાન અથવા મતદાન સ્થળે પરત કરી શકાતા નથી.**

ગવર્નર Phil Murphy

સેક્રેટરી ઓફ સ્ટેટ Tahesha Way

**1-877-NJ-VOTER (1-877-658-6837)**

**Vote.NJ.Gov**

@NJVotes @NJ_Votes NJ Department of State @NJ_Votes